# જાહેર પ્રશ્ન નં.2

| | |
|---|---|
| હા | **બંધારણીય સુધારો તકને અધીન રમતો રમાડવા અધિકૃત ચોક્કસ સંસ્થાઓને આ રમતોમાંથી થતી આવકનો ઉપયોગ સંસ્થાને ટેકો આપવા માટે કરવા દેવાની છૂટ આપશે**<br><br>શું તમે બિંગો કે રૅફલ્સ રમતો રમાડવાની છૂટ ધરાવતા બધાં જૂથોને રમતોમાંથી થતી ચોખ્ખી આવકનો ઉપયોગ પોતાના જૂથોને ટેકો આપવાની પરવાનગી અપાવવા બંધારણમાં સુધારાને મંજૂર કરો છો?<br><br>હાલમાં, માત્ર પીઢ અને વડીલ નાગરિકોના જૂથો પોતાના જૂથોને ટેકો આપવા તે રમતોમાંથી થતી આવકનો ઉપયોગ કરી શકે. બિંગો કે રૅફલ્સ રમાડવાની પરવાનગી ધરાવતા બીજા બધાં જૂથો આ રમતોમાંથી થતી આવકોનો ઉપયોગ માત્ર ચોક્કસ હેતુસર કરી શકે. તેઓને પોતાના જૂથોને ટેકો આપવા આ આવકોનો ઉપયોગ કરવાની પરવાનગી નથી. આ સુધારો બિંગો કે રૅફલ્સ રમાડતા અન્ય જૂથો પણ આવકોનો ઉપયોગ પોતાના જૂથોને ટેકો આપવા માટે કરી શકશે. |
| ના | **અર્થઘટનાત્મક નિવેદન**<br><br>બંધારણ ચોક્કસ જૂથોને બિંગો કે રૅફલ્સ જેવી તકને અધીન રમતો રમાડવાની પરવાનગી આપે છે. આ જૂથો પીઢ લોકો, સેવાભાવી, શૈક્ષણિક, ધાર્મિક, ભાઇચારામાં માનનારા, નાગરિક, અને વડીલ નાગરિકોના જૂથો; સ્વયંસેવક અગ્નિશમન કંપનીઓ; અને પ્રાથમિક સારવાર કે બચાવ ટૂકડીઓ છે.<br><br>તકની રમતોમાંથી થતી ચોખ્ખી આવકો માત્ર શૈક્ષણિક, ધર્માદા, દેશભક્તિ, ધાર્મિક કે જાહેર ભાવનાના હેતુઓ માટે ઉપયોગ કરી શકાય. જોકે, પીઢ લોકો અને વડીલ નાગરિકોના જૂથો આ રમતોમાંથી થતી આવકોનો ઉપયોગ પોતાના જૂથોને ટેકો આપવા પણ કરી શકે.<br><br>આ સુધારો તકને અધીન રમતો રમાડવા અધિકૃત બધાં જૂથોને બિંગો કે રૅફલ્સ રમાડવાથી થતી ચોખ્ખી આવકને પોતાના જૂથોને ટેકો આપવા ઉપયોગમાં લેવા દેવાની પરવાનગી આપશે. |